વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

શ્રીદેવી હરિમોહન જહા
(૧૯૪૭)

બિપીનચંદ્ર એમ. જાની
(૧૯૬૨)મો.૯૮૨૪૧૪૮૦૫૪



અનંતરાય ત્રંબકલાલ પાઠક
(૧૯૪૨)ફોન: ૨૩૨૩૯૫૪૦

કલોલમાં ૭૦૦ વ્યક્તિને આયુર્વેદ દ્વારા ઉકાળાનું સેવન કરાવાયું

કલોલ, તા. ૨

કલોલ શહેરમાં વધતા જતા તાવ અને શંકાસ્પદ વાહકજન્ય રોગચાળાને પગલે આરોગ્ય તંત્રની આયુર્વેદ શાખા તરફથી ૭૦૦ વ્યક્તિઓને મેલેરિયા અને ડેન્ગ્યુ વિરોધી ઉકાળાનું સેવન કરાવવામાં આવ્યું હતું.

જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીની કચેરી દ્વારા આ અંગે ચાર સ્થાનો પર ઉકાળાના વિતરણની કામગીરી કરવામાં આવી હતી. કલોલ શહેરમાં છેલ્લા ૩ દિવસથી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી છે.

શહેરમાં વધતા જતા મેલેરિયા અને ડેન્ગ્યુના કેસોના રિસર્વે માટે નડિયાદથી આવેલી તજજ્ઞોની ટીમે આજે કલોલના વિવિધ વિસ્તારોની પણ મુલાકાત લીધી હતી. શહેરમાં પાણીના નિકાલની વ્યવસ્થા અંગેની કામગીરી બાબતે પણ તપાસ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

કલોલ શહેરમાં આયુર્વેદ શાખા દ્વારા ત્રણ દિવસ સુધી ઉકાળાના સેવનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હોવાનું આયુર્વેદ અધિકારીશ્રીની કચેરી દ્વારા જણાવવામાં આવ્યું છે.

ચૂંટણી પંચ દ્વારા ફરજ પર મુકવામાં આવેલા

કર્મચારી-અધિકારીઓને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવાની સુવિધા દ્વારા પુરી પડાશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં યોજાનારી આગામી રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણીની કામગીરી માટે ચૂંટણી પંચ દ્વારા ફરજ પર મુકવામાં આવેલા કર્મચારી-અધિકારીઓને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવાની સુવિધા ચૂંટણી પંચ દ્વારા પુરી પાડવામાં આવશે અને તેમને વોટર ઓન ઈલેક્શન ડ્યુટી ગણવામાં આવશે તેમ ગુજરાતનાં મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું છે.

આગામી તા. ૧૩ અને ૧૭ ડિસેમ્બરનાં રોજ રાજ્યમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીના મતદાનનાં દિવસોએ જ અધિકારીઓ-કર્મચારીઓ ચૂંટણી ફરજો નિભાવનાર છે, તેઓ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરી શકે તે માટે ભારતનાં ચૂંટણી પંચ દ્વારા ખાસ સુચનાઓ બહાર પાડવામાં આવી છે. આ અંગેની માહિતી આપતાં શ્રીમતી અનિતા કરવલે સ્પષ્ટતા કરી હતી કે ચૂંટણી મતદાનનાં દિવસોએ જે અધિકારીઓ-કર્મચારીઓ કે ચૂંટણી પંચ દ્વારા જેમને ચૂંટણીલક્ષી વિશિષ્ટ કામગીરી સોંપવામાં આવી છે તેવા વ્યક્તિઓ ચૂંટણી ફરજ પર હશે તેઓ મતદાર તરીકે પોતાના વિસ્તારમાં નોંધાયેલા હોવા જોઈએ.

ભારતનાં ચૂંટણી પંચે બહાર પાડેલી સુચનાઓમાં ખાસ એવો પણ ઉલ્લેખ કર્યો છે કે ચૂંટણી નિરીક્ષકો અને તેમની સાથે રહેતા કર્મચારીગણને પોસ્ટલ બેલેટની સુવિધા માટે માન્ય ગણવામાં આવશે. વધુમાં, ચૂંટણીનાં મતદાનનાં દિવસો માટે જે વાહનો આત્મસાત કરાયા હશે તેવા વાહનોનાં કલીનરો, વાહનચાલકો અને કન્ડક્ટરોને પણ ચૂંટણી ફરજ પરના જાહેર સેવકો ગણી તેમને પણ પોસ્ટ મતદાનની સેવાઓ માટે માન્ય ગણવામાં આવશે.

શ્રીમતી કરવલે જણાવ્યું હતું કે મતદાનનાં દિવસે વિડીયોગ્રાફર, ખર્ચની દેખરેખ માટેની ટીમોનાં કર્મચારીગણ, કંટ્રોલરૂમમાં કામ કરતાં કર્મચારી હેલ્પલાઈન સ્ટાફ કે જેઓને મતદાન માટેની સામગ્રી, ઈવીએમની મરામત વગેરે જેવા કામો સોંપાયા હોય તેવા તમામને પણ પોસ્ટલ બેલેટની સગવડ પુરી પાડવા રજુઆત થઈ હતી. તે સંદર્ભમાં ચૂંટણીપંચે સ્પષ્ટતા કરી છે કે જેઓને મતદાનનાં દિવસે ચૂંટણી સંબંધી ખાસ સત્તાવાર કામગીરી સોંપવામાં આવશે અને આ સોંપાયેલ કામગીરીને કારણે જો તેઓ તેમના પોતાના મતદાન મથકે મતદાન કરી શકે તેમ ન હોય તેવા તમામને વોટર્સ ઓન ઈલેક્શન ડ્યુટી ગણ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન માટે માન્ય ગણવામાં આવશે. જે કર્મચારીગણ અને વ્યક્તિઓને મતદાન પૂર્વેની કામગીરી સોંપવામાં આવી હશે પરંતુ મતદાનનાં દિવસે ચૂંટણી લક્ષી કામગીરી સોંપાયેલ નહીં હોય તો તેમને વોટર્સ ઓન ઈલેક્શન ડ્યુટી માન્ય ગણવામાં આવશે નહીં. પોસ્ટલ બેલેટની સુવિધા પુરી પાડવામાં આવશે નહિ.

મીટર વગર રિક્ષાઓ દોડાવતા ૧૬૬ને ટ્રાફીક પોલીસે દંડ ફટકાર્યો

એક મહિનામાં ૬૪૮૨ પાવતીઓ ફાડીને નિયમોનો ભંગ કરનાર ચાલકો પાસેથી ૭.૦૮ લાખનો દંડ વસુલ્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં રિક્ષાચાલકો બેફામ ભાડુ ઉઘરાવતા હોવાની સંખ્યાબંધ ફરીયાદોને ધ્યાને લઈને રિક્ષામાં મીટર ફરજીયાત કર્યા બાદ ગત માસમાં ટ્રાફીક પોલીસે વિવિધ ડ્રાઈવ ગોઠવીને ઉચ્ચક ભાડુ વસુલતી અને મીટર વગર દોડતી ૧૬૬ રિક્ષાઓ પકડીને તમામના ચાલકો પાસેથી દંડ વસુલવામાં આવ્યો હતો. તે ઉપરાંત હેલ્મેટ, સીટબેલ્ટ, ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવી સહિતના વિવિધ નિયમોના ભંગ બદલ જિલ્લા ટ્રાફીક પોલીસે એક મહિનામાં ૬૪૮૨ વાહનચાલકોને પાવતી પકડાવી રૂ. ૭.૦૮ લાખનો દંડ વસુલ્યો છે.

ઓક્ટોબર માસમાં જિલ્લા ટ્રાફીક પોલીસે એલ.ડી.આર.પી. તથા કડી કેમ્પસ સહિતના વિસ્તારોમાં તબક્કાવાર ડ્રાઈવ ગોઠવીને તથા જાહેર માર્ગો પર ઉભા રહીને સ્વૈચ્છીક સંસ્થાઓને સાથે રાખીને ટ્રાફીક અવેરનેસના કાર્યક્રમો કરીને

જિલ્લામાં ટ્રાફીક નિયમન થાય તે માટેની કામગીરી કરી હતી. જે અંતર્ગતનો પાર્કીંગમાં પાર્ક કરનાર ૩૨૦ વાહનોના ચાલકોને પાવતીઓ પકડાવીને રૂ. ૨૮,૧૨૫નો દંડ વસુલ્યો હતો. તે ઉપરાંત ૧૮૮ બ્લેક ફિલ્મ પટ્ટીવાળી કારના ચાલકો પાસેથી રૂ. ૧૮,૮૦૦, સીટ બેલ્ટ લગાડ્યા વિના કાર ચલાવતા ૧૬૫૭ ચાલકો પાસેથી રૂ. ૧,૬૬,૭૦૦, ચાલુ બાઈકે મોબાઈલ પર વાત કરતા ૧૬૪ ચાલકો પાસેથી રૂ. ૧૬,૪૦૦, હેલ્મેટ વગર ફરતા ૭૨૧ ચાલકો પાસેથી રૂ. ૫૦-૫૦, તથા મીટર વગરની રિક્ષાઓ દોડાવી ઉચ્ચક ભાડુ વસુલતા ૧૬૬ રિક્ષાચાલકો પાસેથી રૂ. ૭૫-૭૫ની પાવતીઓ આપી દંડ વસુલવામાં આવ્યો છે તથા ૨૦૫ ભારે વાહનોને ભયજનક અને અકસ્માત સર્જે તેવી રીતે વાહન ચલાવવા બદલ દંડ ફટકાર્યા ઉપરાંત ૩૫૧ વાહનો ડીટેઈન, ૬૬ વાહનચાલકો વિરૂદ્ધ કાયદેસરની ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. જ્યારે ૩૧ વાહનચાલકો વિરૂદ્ધ એન.સી. ફરીયાદો દાખલ કરી દારૂ પીધેલી હાલતમાં ડ્રાઈવીંગ કરનાર ચાર શખ્સો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી એક માસમાં કરીને ૬૪૮૨ વાહનચાલકોને પાવતી આપી રૂ. ૭,૦૮,૦૨૫ દંડ ફટકાર્યો હોવાનું ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતે જણાવ્યું છે.

સમર્પણ આર્ટસ કોલેજને જુડો સ્પર્ધામાં ત્રણ ગોલ્ડ મેડલ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગની જુડો સ્પર્ધા તાજેતરમાં પી.એન. પંડયા આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ લુણાવાડી મુકામે યોજાઈ હતી.

જેમાં સમર્પણ આર્ટસ કોલેજના રાકેશે ઓપન વિભાગ અને ૬૦ કિલોની સ્પર્ધામાં એક એક એમ બે ગોલ્ડ મેડલ મેળવ્યા હતા તથા પ્રવીણ ચૌધરીએ ૫૫ કિલોની સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્યા ડૉ. જે.એસ. પ્રજાપતિએ કોલેજના વિદ્યાર્થી રાકેશ અને પ્રવીણ ચૌધરીની જુડો સ્પર્ધામાં મેળવેલી સિદ્ધિને બિરદાવી હતી અને ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવવા આશીર્વચન પાઠવ્યા હતા.

નબળુ પ્લમ્બીંગ અને સેનીટેશન પદ્ધતિ રોગચાળો ફેલાવે છે

અમદાવાદ, તા. ૨

આરોગ્યપ્રદ સ્થિતિ માટે તથા વીજળી-પાણી જેવા અતિ મૂલ્યવાન સ્રોતોની બચત માટે યોગ્ય પ્લમ્બીંગ આવશ્યક છે,પણ પ્લમ્બીંગની તાલિમ માટે યોગ્ય પદ્ધતિ અમલી નહીં હોવાથી તથા પ્લમ્બીંગને યોગ્ય મહત્વ મળતું નહી હોવાથી ૮૫ થી ૯૦ ટકા પ્લમ્બીંગની કામગીરી તાલિમ નહીં પામેલા તથા લાયકાત વગરના કામદારો દ્વારા કરવામાં આવી રહી છે.

આજે અમદાવાદમાં શરૂ થયેલી ઈન્ડિયન પ્લમ્બીંગ એસોસિએશનની ૧૭મી નેશનલ કોન્ફરન્સમાં સામેલ થયેલા નિષ્ણાતોએ આ મુજબના અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા. તેમણે 'સારા પ્લમ્બીંગ માટે ખર્ચેલો એક રૂપિયો દસ રૂપિયાનો સારવાર ખર્ચ બચાવે છે.' તેવું જણાવીને કાર્યક્ષમ પ્લમ્બીંગ પ્રણાલીને પ્રોત્સાહન આપવાની હિમાયત કરી હતી.

કોન્ફરન્સના પ્રમુખપદેથી પ્રવચન આપતાં ઈન્ડિયન પ્લમ્બીંગ એસો.ના અધ્યક્ષ અને વર્લ્ડ પ્લમ્બીંગ કાઉન્સિલના નાયબ અધ્યક્ષ સુધાકરન નાયરે જણાવ્યું કે 'નબળું પ્લમ્બીંગ અને સેનીટેશન પદ્ધતિ રોગચાળો ફેલાવે છે, પણ માત્ર ૧૦ થી ૧૫ ટકા પ્લમ્બીંગ કામ તાલિમ પામેલ પ્લમ્બરો મારફતે કરવામાં આવે છે. આવું બનવાનું કારણ તાલિમ પામેલી વ્યક્તિને સ્વિકૃતિ આપવાના અભાવે તથા પ્લમ્બીંગ ઉદ્યોગ માટે ખાસ શૈક્ષણિક અભ્યાસક્રમ નહીં હોવાને કારણે બને છે. પાંચથી સાત વર્ષમાં આઈપીએ દ્વારા પાંચ પ્લમ્બીંગ કોડ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે અને પ્લમ્બીંગ અંગે જાગૃતિ વધે તેવા કેટલાક વિશિષ્ઠ પ્રોજેક્ટ પણ હાથ ધરવામાં આવ્યા છે.'

શબ્દાવલી - ૪૮૮૭

૧		૨	૩	૪	■	૫	૬
	■	૭			■	૮	
	■	■	■	૯	૧૦		
૧૧	૧૨		૧૩	■		■	■
૧૪		■	૧૫	૧૬	■	૧૭	
	■	૧૮					■
■	૧૯		■		■	૨૦	૨૧
૨૨			■	■	૨૩		

આડી ચાવી

૧. જડબુ તોડી નાખે તેવું, સચોટ (૫)
૫. વિજળી, કરંટ (૨)
૭. ગઝલ શબ્દ આડોઅવળો (૩)
૮. પ્રવાહી (૨)
૯. સલાહ-સૂચન (૪)
૧૧. સભ્યતા, વિનયી વર્તણૂંક (૪)
૧૪. લીપસ્ટીક (૨)
૧૫. સબ્જી, બકાલુ (૨)
૧૭. શ્વાસ, ઉધરસ ખાંસી (૨)
૧૮. બીજા ઉપર ઉપકાર કરવો તે (૫)
૧૯. સવાર, પ્રભાત (૨)
૨૦. સુદ અને ... કૃષ્ણપક્ષ અને શુકલ પક્ષ (૨)
૨૨. ભૂત યોનિ (૩)
૨૩. આત્મા, જીવ (૩)

ઊભી ચાવી

૧. સજ્જડ, મક્કમ (૬)
૨. બગીચો (૨)
૩. માપ, વજન (૨)
૪. ૧૨ની સંખ્યા, એક માપ (૩)
૫. વિયોગ (૩)
૬. એક ધાતુ (૩)
૧૦. નાટકનું કોઈ દશ્ય, દેખાવ (૨)
૧૨. જીભને તુચ્છકારમાં ઘણા... કહે છે (૨)
૧૩. ઈશારત, સૂચન (૩)
૧૬. લુગડા, વસ્ત્ર (૩)
૧૭. કરવતી, કાપવાનું એક સાધન (૪)
૧૮. પાછું આવવું તે વળતું (૩)
૧૯. ... સૂરત દિલ કે ખોટે નામ બડે ઔર દરશન છોટે (૨)
૨૧. જોર, શ્વાસનો રોગ (૨)

શબ્દાવલી ૪૮૮૬ના જવાબ

આડી ચાવી :- (૧) અળસિયું (૩) પીળાસ (૫) જકાત (૭) ખાસડુ (૯૦સીરામીક (૧૧) ઈલા (૧૨) રકાબી (૧૫) વધ (૧૮) બેલી (૧૯) ટર (૨૦) કામી (૨૧) લપળુ (૨૨) શરત (૨૩) જીત

ઊભી ચાવી :- (૧) અળખામણુ (૨) યુજ (૩) પીતરાઈ (૪) સડક (૬) કાસી (૮) ડુક્કર (૧૦) મીલાવટ (૧૩) કાબેલ (૧૪) બીલીપત્ર (૧૬) ધરપત (૧૭) અમીર (૨૦) કાશ

બનાવટી માર્કશીટ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તૈયાર કરાવડાવી આજે અડાલજ પાસેની મહારાજા હોટેલ સામે બોલાવ્યો હતો. બનાવટી સર્ટી આપવા આવેલા ત્રણેય શખ્સોને પોલીસે ટ્રેપને આધારે ઝડપી પાડ્યા હતા. જેમાં અમદાવાદના બાપુનગર વિસ્તારમાં આવેલી ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનમાં રહેતા અબ્દુલ રહીમ કાબીર અન્સારી, સંજય રામનીવાસ શર્મા અને આશપુરા એપાર્ટમેન્ટ બાપુનગર રહેતો સંજય મુનેશ્વર શ્રીવાસ્તવ ઝડપાઈ ગયા હતા. ત્રણેય આરોપીઓની ધરપકડ કરીને પુછપરછ કરતાં અમદાવાદના હાથીજણ વિસ્તારના વિવેકાનંદ નગર વિસ્તારમાં આવેલી ભગવતી વિદ્યાલય શાળાનો સંચાલક કુશ્વા મુખ્ય સૂત્રધાર હોવાનું બહાર આવ્યું છે. ચારેય વિરૂદ્ધ ગુનો દાખલ કરી પોલીસે વોન્ટેડ શાળા સંચાલકની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

કેદ ભોગવવા આદેશ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોર્ટમાં ચાર્જસીટ રજુ કર્યુ હતું. આ કેસ ગાંધીનગરની ચીફ જ્યુ. મે. જી. કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે મનીષ સકસેનાએ દલીલો કરી હતી. જેમાં આ પ્રકારના ગુનાહીત માનસને અટકાવવા તેમજ દિનપ્રતિદિન સમાજમાં બનતા આવા ગુનાઓને ધ્યાને લઈ આરોપીને સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા કોર્ટ સમક્ષ જણાવાયું હતું. જેને ધ્યાને લઈ જજશ્રી આર. બી. મારફતીયાએ આરોપીઓને ચાર વર્ષની સાદી કેદની સજા તેમજ રૂ. ૫ હજારનો દંડ ભોગવવા હૂકમ કર્યો છે. અને જો આરોપી દંડ ન ભરે તો વધુ એક વર્ષની સજા ભોગવવા આદેશ કર્યો છે.

ભૌગોલિક ફેરફારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઠકમાં સમાવવામાં આવ્યા છે. કલોક વિધાનસભા મતવિસ્તારમાં કડીનાં ૧૯ ગામોને જોડી દેવામાં આવ્યા છે. તો કલોલના ૨૨ ગામોને માણસા વિધાનસભા મતવિસ્તાર સાથે સાંકળી લેવામાં આવ્યા છે.

નવા સીમાંકનને કારણે બધી બેઠકોના રાજકીય સમીકરણો પણ બદલાઈ જવા પામ્યા છે. ગાંધીનગર (ઉ)ની બેઠક પર પટેલ, ક્ષત્રિય અને બ્રાહ્મણ મતદારોનું વર્ચસ્વ સરખું બન્યું છે.

તો ગાંધીનગર (દ) ની બેઠક પર ઠાકોર, પટેલ અને અન્ય જ્ઞાતિઓનું પ્રભુત્વ જોવા મળી રહ્યું છે. કલોલની બેઠક પર ઠાકોર અને પટેલ સમાજનું પ્રમુત્વ તો માણસામાં પટેલ, ચૌધરી અને ક્ષત્રિય મતદારોનું પ્રભુત્વ જોવા મળી રહ્યું છે. દહેગામની બેઠક પર પણ ઠાકોર જ્ઞાતિનું અને ક્ષત્રિય સમાજનું પ્રભુત્વ જોવા મળી રહ્યું છે.

આમ, જિલ્લાની બેઠકોના સમીકરણ પણ બદલાયા છે અને આ નવા સીમાંકન પછી પ્રથમ સામાન્ય ચૂંટણી હોવાથી રાજકીય નેતાઓ પણ ઉમેદવારની પસંદગીના મુદ્દે અત્યંત ચૂપકીદીથી આગળ વધી રહ્યા છે.

નેતાગીરી દ્વિધામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અંગેની કવાયત અત્યંત ઝીણવટભરી રીતે કરવામાં આવી રહી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ બંને પક્ષોએ જે કવાયત કરી છે તેમાં કયા સેકટરમાં કોનું જોર અને કોની કેટલી પક્કડ કયા વેપારીઓ સક્રિય કોના ત્યાં ઘરાકી વધારે જોવા મળે છે. તેનો કેવો સહયોગ મળશે વગેરે બાબતોને આવરી લીધી છે. એટલું જ નહિ ધાર્મિક સ્થાનો, સ્વૈચ્છિક સંસ્થાઓમાં સંભવિત ઉમેદવારોની સક્રિયતા સહિતની વાતોને પણ ઉમેદવારની પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની રજૂઆતો સાંભળવાનો તબક્કો પુરો થઈ ગયો છે અને હવે પેનલો પણ તૈયાર થઈ ચુકી છે. જો કે મોવડી મંડળ દ્વારા કોને માથે કળશ ઢોળાય છે. તેને લઈ અટકળોનું બજાર ગરમ જરૂર છે.

ગાંધીનગરમાં ટી ડિપ્લોમસી અને રાત્રી બેઠકોનો સિલસિલો શરૂ થયો છે. આ ઉપરાંત હવે શૉપિંગની કીટલીઓ પર પણ ઉમેદવારોની પસંદગી અને પક્કડ કોની તેની ચર્ચાઓ શરૂ થઈ જવા પામી છે.

કંપની સમાચાર

નવનીતલાલ એન્ડ કંપનીનો ૭૩માં વર્ષમાં પ્રવેશ

અમદાવાદ શહેરની સૌથી જૂની જાહેરાત ક્ષેત્રે કામગીરી બજાવતી નવનીતલાલ એન્ડ કંપનીએ દશેરાના દિવસે ૭૨ વર્ષ પૂર્ણ કરીને ૭૨માં વર્ષમાં પ્રવેએશ કર્યો છે, તે માટે મીડિયા તેમજ વિજ્ઞાપન દાતાઓ દ્વારા મળેલ સાથ-સહકાર બદલ આભાર વ્યક્ત કરે છે.

દિલ્હી એન સી આર માટે ''ફ્રેન્ડ્સ'' ટી.એમ.ટી.નો પ્રારંભ

ફ્રેન્ડ્સ સ્ટીલ ગ્રુપની સ્થાપના શ્રી પ્રદીપકુમાર ગર્ગ અને શ્રી ડી. કે. ગોયલ દ્વારા કરવામાં આવી હતી. આ ગ્રુપ સ્ટીલ ઉત્પાદન, ઈન્ફ્રાસ્ટકચર, પાવર વગેરે ક્ષેત્રોમાં વિવિધ હિતો ધરાવે છે. ગ્રુપનું વાર્ષિક ટર્ન ઓવર અંદાજે રૂા. ૩૦૦૦ કરોડનું છે.

''ફ્રેન્ડસ સ્ટીલ'' રજિસ્ટર્ડ ટ્રેડ માર્ક સ્ટીલની અગ્રણી બ્રાન્ડ તરીકે ખ્યાતિ ધરાવે છે અને જે ગુજરાત, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્રમાં ''ફ્રેન્ડસ'' બ્રાન્ડ નેઈમ તરીકે સ્ટીલનું ઉત્પાદન કરે છે અને માર્કેટ ધરાવે છે. ફ્રેન્ડ્સ સ્ટીલન્ સ્ટ્રકચર સ્ટીલ, ટી.એમ.ટી. બાર્સ, ઇ.આર. ડબલ્યું સ્ટીલ પાઈપો વગેરેનું વિધ્યપૂર્ણ શ્રેણીઓમાં ૩૦૦ થી વધુ સાઈઝોમાં ઉત્પાદન થાય છે.

ફ્રેન્ડ્સ સ્ટીલે તેની પ્રોડક્ટસમાં ખૂબ ઊંચી ગુણવત્તા બેન્ચ માર્ક્સ સ્થાપ્યો છે અને વ્યાપક રીતે પથરાયેલા તેના ડીલરોના નેટવર્ક આ ચાર રાજ્યોમાં દરેક અગત્યના કેન્દ્રો પર તેની પ્રોડક્ટ પહોંચે તેની કાળજી રાખે છે. તેના ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્રમાં ડીલરોના અભૂતપૂર્વ સમર્થનને ધ્યાનમાં લઈને દિલ્હી એનસીઆર ખાતે ''ફ્રેન્ડ્સ''નો પ્રારંભ કરવાનો નિર્ણય કર્યો હતો.

દિલ્હી - એનસીઆરની વર્તમાન વપરા અને ગ્રુપની વિકાસની તકો તથા માર્ગનું ચિત્ર નજર સમક્ષ રાખીને ગાઝિયાબાદ ખાતે ૧ લાખ એમ.ટી.પી.એ.થી પણ વધુ ક્ષમતા ધરાવતા સંપૂર્ણ સ્વયં સંચાલિત પ્લાન્ટ સાથે ગ્રુપે આ માર્કેટમાં પ્રવેશ કર્યો છે. તેની સાથોસાથ, બીજા પ્લાન્ટ, જેનું હાલમાં નિર્માણ ચાલી રહ્યું છે તથા જે આગામી વર્ષથી કાર્યરત બનશે તેવી અપેક્ષા છે જેથી ઉત્પાદન ક્ષમતા ૨ લાખ એમ.ટી.પી.એ સિધ્ધ થઈ શકશે.

આ પ્રસંગે સંબોધન કરતાં ગ્રુપના ડાયરેકટર અંશુમ ગોયલે જાહેરાત કરી હતી કે ''ફ્રેન્ડ્સ ટી.એમ.ટી.'' ખાસ ડિસ્ટ્રિબ્યુટર્સ મારફતે માર્કેટિંગ કરશે અને દરેકે દરેક ગામમાં પ્રોડક્ટ પહોંચી શકે તે માટે પ્રયાસ કરશે અને ઉપભોક્તાઓ અન્ય હલકી ગુણવત્તાના સળીયાઓને બદલે ''ફ્રેન્ડ્સ ટી.એમ.ટી'' ના વપરાશ માટે જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરશે.

બ્રિટાનિયા શુભકામનાયેં સાથે આ દિવાળીમાં ખુશી ફેલાવો

બ્રિટાનીયા આ દિવાળીમાં ખુશી ભેટ આપવા માટે કલાસિક હેમ્પર્સ અને ખાસ આવૃત્તિની મજેદાર શ્રેણી એકત્ર લાવી

બ્રિટાનીયાની શુભકામનાયેં રેન્જ સાથે રોશનાઈનો આ ઉત્સવ ઊજવો અને ખુશી ફેલાવો. જે રેન્જ કુટુંબ, મિત્રો, સાથીઓ અને વેપાર સહયોગીઓ સાથે જોડાણ મજબૂત બનાવવા અને આજીવન સ્મૃતિઓ નિર્માણ કરવા માટે અનુરૂપ ભેટ બની જાય છે.

આ વર્ષે રેન્જમાં પાંચ અલગ અલગ થીમ સાથે દરેક માટે કાંઈક ને કાંઈક છે, જે દરેક રૂચિ અને પ્રાધાન્યની પરિપૂર્તિ કરે છે.

અત્યંત વહાલી મીઠી નમકી રેન્જ બ્રિટાનીયાની લોકપ્રિય સ્વીચ અને સેવરી બિસ્કીટ્સ બ્રાન્ડ છે. જેમ કે બુર્બોન, ૫૦-૫૦ અને ગૂડ ડે, જે હૃદયસ્પર્શી છે અને બે કિંમતે ઉપલબ્ધ છે.

બ્રિટાનીયા ચોકો ડિલાઈટ રેન્જ ચોકલેટ ફલેવર્ડ ડેલિકસીનું સમૃધ્ધ એસોર્ટમેન્ટ છે, જે સ્મિતનો પ્રસાર કરવાનું વચન આપે છે અને અજોડ અહેસાસ કરાવે છે. કૂકીઝ અને ક્રીમ ફિલ્ડ બિસ્કીટ્સના સ્વર્ગીય એસોર્ટમેન્ટમાં બ્રિટાનીયાની બેજોડ બ્રાન્ડ્સ, જેમ કે ગૂડ ડે કે ચોકે ચિપ, પ્યોર મેજિક ચોકલેટ ક્રીમ અને બુર્બોનનો સમાવેશ થાય છે.

વળી ડાઈજેસ્ટિ, ૫ ધાન્ય અને ડાબાબિટીક મૈત્રીપૂર્ણ બિસ્કીટોનો સમાવેશ ધરાવતાં આરોગ્યવર્ધક ગિફ્ટ પેક સાથે પ્રોડ્કટોની અમારી ન્યુટ્રી ચોઈસ રેન્જનું આરોગ્યવર્ધક એસોર્ટમેન્ટ ભેટ આપીને ઉજવણીમાં સૌને જોડો. જો તમારા મનમાં કૂકી હોય તો કૂકી ડિલાઈટથી સારી કોઈ પસંદગી ન હોઈ શકે છે, જેમાં મજેદાર નાના હૃદય સાથે તમારી ફેવરિટ બ્રાન્ડ ગૂડ ડે ના સર્વ પ્રકારનો એકત્ર લાવવામાં આવ્યા છે.

સ્પેશિયલ એડિશન ટિન પેકમાં બચર કેશ્યું, ચોકલેટ કેશ્યું અને સિનામોન જેવા સમૃધ્ધ સ્વાદમાં પ્રીમિયમ એસોર્ટેડ કૂકીઝનું સમૃધ્ધ એસોર્ટમેન્ટ એકત્ર કરાયું છે, જે પામનારને દિવસ ઉજ્જવળ બનાવીને રહેશે. બ્રિટાનીયા શુભકામાનાયેં પેક્સ રૂા. ૮૫ થી રૂા. ૩૦૦ ની કિંમત શ્રેણીમાં ઉપલબ્ધ છે. આથી આ દિવાળીમાં બ્રિટાનીયા શુભકામનાયેં સાથે તમારા જીવનમાં સુંદર સંબંધોની પંપાળ કરો.

ગરમ સીટ પર હવે લાગશે ઠંડી

ટુ-વ્હીલર્સ પર પ્રવાસ કરતા લોકો હવે તેમના પ્રવાસને વધુ આનંદ દાયક બનાવી શકે છે. સૅમસન્સ લેધર કલોથ મેન્યુફેકચરિંગ કંપની પ્રા. લિ. દ્વારા વિશ્વમાં પહેલી જ વાર રજૂ કરવામાં આવે છે. ક્રાંતિકારી સીટ કવર - જોયરાઇડ. ઉત્તમ ગુણવત્તાના લેધર કપડામાંથી બનાવવામાં આવેલ જૉયરાઇડ સીટકવર્સ સૂર્યનાં તીવ્ર કિરણો સામે બહેતર સુરક્ષા પૂરી પાડે છે અને સીટને ઠંડી રાખે છે. આ ઉત્પાદન વિવિધ પરિબળો જેવા કે ગરમીનું નિયમન, ટકાઉપણું, વાતાવરણ અને પૈસાના મૂલ્યને ધ્યાનમાં રાખી ભારતીય હવામાનને અનુરૂપ વિશેષ રચના કરવામાં આવ્યું છે. આ સીટ કવર્સની સરેરાશ આવરદા ત્રણ વર્ષની છે. એટલે કે વધુ કરકસર, ઓછો બગાડ અને ઓછી મુશ્કેલી. એક જૉયરાઇડ સીટ કવર છ જેટલા સીટ કવરની બચત કરે છે એટલે પર્યાવરણ પ્રેમીઓ ઘણાં જ આનંદિત છે. આ સીટ કવર બધા જ હવામાનમાં સર્વોત્તમ સુરક્ષા પૂરી પાડે છે.

કંપની અત્યાર સુધીમાં ૫૦,૦૦૦ થી વધુ સીટ કવરોનું વેચાણ કરી ચુકી છે. અને આ સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સૅમસન લેધર કલોથ કંપની લિ. ભારતમાં અગ્રણી ઑટો મોબાઈલ ઉત્પાદકો ટોયોટા, મારૂતિ અને મહિન્દ્રાના સૌથી મોટા ઑટો મોટિવ સપ્લાયરોમાંની એક છે. સૅમસન્સ ગ્રુપ ઑફ કંપનીઝ ૪૦૦ કરોડનું ટર્ન ઑવર ધરાવે છે. તે કૃત્રિમ લેધર, વિનાઈલ ફલોરિંગ અને ઑટો મોટિવ સીટીંગ સિસ્ટમ્સના ઉત્પાદનમાં સક્રિય છે.

મુકેશ મોટાશા (ડાયરકેટર, સેલ્સ એન્ડ માર્કેટિંગ) કહે છે કે, 'આ ક્રાંતિકારી ઉત્પાદન અમારા ત્રણ વર્ષનાં સઘન સંશોધનનું પરિણામ છે, જેણે મોટર સાકિલના મેન્ટેનન્સ ધોરણમાં સુધારો કર્યો છે. ગુજરાત કહે છે કે આ ઉત્પાદન કૉલેજ જતાં વિદ્યાર્થીઓમાં વિશેષ લોકપ્રિય છે કેમ કે તેમની બાઈક તેઓ ખુલ્લી જગ્યામાં પાર્ક કરે છે એટલે આ સીટ કવરથી તાપમાનમાં પડતા ફરકને તેઓ અનુભવી શકે છે.' નરેન્દ્ર સિંહ રાઠોડ, એરિયા સેલ્સ મેનેજર, 'મારી જોશીલી અને રોમાંચક સેલ્સ ટીમ તેમજ બધી જ બ્રાન્ડ્સના ૧૨૫ થી વધુ શૉરૂમોમાં ગ્રાહકોએ જૉયરાઇડ કલ્પનાને સહર્ષ સ્વીકારી છે. અમે શૉરૂમનાં માલિકોનાં આભારી છીએ અને ગ્રાહકોને તેમની શ્રેષ્ઠ સેવા પૂરી પાડવા તેમજ અમારા જૉયરાઇડર સીટકવર્સ મારફતે તેમને શ્રેષ્ઠ મૂલ્ય પૂરૂં પાડવા બદલ તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ.'

વિશ્વ સ્તરની વૉટર સોલ્યુશન કંપની ઝાયલમનો ભારતમાં સુંદર શરૂઆત

તા, ૧લી નવેમ્બરે, ૨૦૧૧ એ સ્થપાયેલી ઝાયલમ વૉટર ઈન્ડિયા પ્રા. લિમિટેડે ભારતમાં તેના સફળ બીઝનેસનું એક વર્ષ પૂર્ણ કર્યાની જાહેરાત કરી છે. ઝાયલમ ન્યુયોર્કની ટેકનોલોજી કંપની આઈટીટી ની શાખા છે. વડોદરામાં તેનું ટેકનોલોજી સેન્ટર, ઉત્પાદન એકમ તથા વિશ્વની સૌથી મોટી ટેસ્ટ સુવિધા ધરાવતી આ કંપની ઝાયલમ ઈન્ડિયા ભારતમાં સબળ નેટવર્ક ધરાવે છે અને તેના ટ્રાન્સપોર્ટ, શુધ્ધિકરણ, નૉટર ટેસ્ટીં, પાવર, સિંચાઈ,વેસ્ટ વૉટર ટ્રાન્સપોર્ટ ટ્રીટમેન્ટ સિસ્ટમ સુએઝ પ્રોસેસ સહિતના વ્યાપક પ્રોડકટ અને સર્વિસ પોર્ટફોલીયો મારફતે એક વર્ષમાં જળ અંગેના વિવિધ અટપટા મુદ્દા હલ કર્યા છે. ઝાયલમ ઈન્ડિયાએ એક વર્ષમાં રૂ. પાંચ કરોડની વૃધ્ધિ હાંસલ કરી છે. હાલમાં રૂ. ૧૮૦ કરોડની આ કંપની વર્ષ ૨૦૧૭ સુધીમાં રૂ. ૫૦૦ કરોડે પહોંચવા ધારે છે.

આ જાહેરાત અંગે પ્રતિભાવ આપતાં ઝાયલમ વૉટર ઈન્ડિયા પ્રા. લિમિટેડના પ્રેસિડેન્ટ અને મેનેજીંગ ડિરેકટર શ્રી સામ યામદાગીનીએ જણાવ્યું કે '' ઝાયલમે વીજળી, સિંચાઈ, અને વેસ્ટ વૉટર ટ્રીટમેન્ટની સમસ્યા બાબતે એડવાન્સડ ટેકનોલોજી સોલ્યુશન્સ અને ઉંડી જાણકારીનો ઉપયોગ કર્યો તેનો અમને આનંદ છે. ''તેમણે વધુમાં જણાવ્યું કે ''અમારી ઉપયોગીતાઓના પોર્ટફોલીયોમાં અમને સારી વૃધ્ધિ જોવા મળી છે અને અમે અમારા માનવંતા ગ્રાહકોના ટ્રાન્સપોર્ટ, ટ્રીટ ટેસ્ટ અને જાહેર વપરાશના પાણીના કાર્યક્ષમ ઉપયોગ, રેસિડેન્શયલ અને કોમર્શિયલ બીલ્ડીંગ સર્વિસીસ, ઔદ્યોગિક તેમજ કૃષિ અંગેના મુદ્દાઓ હલ કર્યા છે. ''

ઝાયલમે ભારતમાં વર્ષે હાથ ધરેલા કેટલાક પ્રતિષ્ઠિત પ્રોજેકટસમાં તામિલનાડુમાં તુતીકોરીન નજીક કોલસાઆધારિત વીજમથક કોસ્ટલ એનરગ્રીન માટે સૌથા મોટા સી વૉટર પેન્ડલીંગ વર્ટીકલ કોલમ ડીસ્ચાર્જ પંપનો સમાવેશ થાયછે આ પ્રોજેકટ વર્ષ ૨૦૧૨ના અંતમાં પૂરો થશે. કચ્છ જીલ્લાનાં ૧૮૨ ગામની ૨૭૯,૦૦૦ એકર જમીનને પાણી પૂરો પાડતો સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની કચ્છ બ્રાન્ચ કેનાલ શાખા માટે લીફ્ટ ઈરીગેશન પ્રોજેકટનો સમાવેશ થાય છે. આ ભારતમાં તૈયાર કરાયેલા અને કાર્યરત થયા પછી આ સૌથી મોટા પંપ હશે. હાલમાં અમલ હેઠળના અન્ય પ્રતિષ્ઠિત પ્રોજેકટસમાં આંધ્ર પ્રદેશ ઈરીગેશન એન્ડ કમાન્ડ એરીયા ડેવલપમેન્ટ પ્રોજેકટની બે સિંચાઈ યોજનાઓ માટેના પંપ આંધ્ર પ્રદેશમાં ૨.૫ લાખ એકર વિસ્તારમાં ખેતીને પાણી પૂરૂ પાડશે. આ ઉપરાંત તલવારા-ભાખરા બીયાસ મેનેજમેન્ટ બોર્ડની દૈનિક ૮૦ લાખ લીટર ક્ષમતાની આઈસીયાસ એસબીઆર ટ્રીટમેન્ટ સિસ્ટમ દ્વારા ઉત્તર ભારતમાં પંજાબ ખાતે ટાઉનશિપમાંથી એકત્ર કરાયેલા દૂષિત પાણીને ઝાયલમ એસબીઆર ટેકનોલોજી વડે શુધ્ધ કરી ખેતી અને સિંચાઈમાટે ફરી ઉપયોગ કરે છે.આ ઉપરાંત દૂષિત પાણીમાંથી ભારે પ્રમાણમાં બેરાઈટ અને વેસ્ટ રૉક છૂટો પાડવા માટે ઝાયલમની ફલાયગેટ બ્રાન્ડ હિન્દુસ્તાન ઝીક લિમિટેડને સુપર હાઈહેડ જીવૉટરીંગ પંપ પૂરો પાડશે, હાલમાં હિન્દુસ્તાન ઝીંક તેમની રાજસ્થાનમાં રામપૂરા અગુચા(વિશ્વની સૌથી મોટી ઝીંકની ખાણો), સીંદેસર ખુર્દ, રાજપુરા દરીબા, અને જાવર ખાતે આવેલી ખાણોમાં ૪૫ જેટલા પ્લાયગેટ માઈનીંગ ડીવૉટરીંગ પંપ ધરાવે છે.

''ભારતમાં અમારા બીઝનેસ માટે વૉટર ટ્રાન્સપોર્ટ, ટ્રીટમેન્ટ ટેસ્ટીંગ થી બીલ્ડીંગ સર્વિસીસ અને મ્યુનિસિપાલીટીઝ પ્રેરક બળ છે તેવું જણાવતાં સામે વધુમાં કહ્યું કે '' વીજળી, સિંચાઈ, દૂષિત પાણીના પરિવહન અને શુધ્ધિકરણ સિસ્ટમ્સ તથા માઈન ડીવૉટરીંગ એપ્લીકેશન્સમાં વૃધ્ધિની ભારે તકો જોઈ રહયા છે'' વધુ માહિતી માટે કૃપયા મુલાકાત લો : http://www.xylemine.com